જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૧૦/૨૦૨૦ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૮૫૬/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૮/૧૦/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૭૮ | ૦ | ૧૦૬૭૮ | ૧૬૮૦૮ | ૦ | ૧૬૮૦૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ૦ | ૪૩૪૬ | ૫૮૬૧ | ૦ | ૫૮૬૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૦ | ૦ | ૫૦ | ૨૨૬ | ૦ | ૨૨૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૫૨૪૦ | ૮ | ૧૫૨૪૮ | ૧૬૦૬૮ | ૧૨ | ૧૬૦૮૦ |
| કુલ | | ૩૦૩૧૪ | ૮ | ૩૦૩૨૨ | ૩૮૯૬૩ | ૧૨ | ૩૮૯૭૫ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦3 | ૧૨,૦૪,૩૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૨૦૨ | ૧૨,૦૨,૦૦૦/- |

# જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## પી.સી.બી. :

## વટવા પોલીસ સ્ટેશન વિસ્તાર માંથી સટ્ટા બેટીંગનો જુગાર રમતા એક ઈસમને કુલ રૂ.૬૦,૪૦૦/- ની મત્તાના મુદામાલ સાથે ઝડપી પાડતી અમદાવાદ શહેર "પી.સી.બી."

મે. પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારૂ કાર્યવાહી કરવા સુચના કરતા જે સુચના આધારે તા.૨૮/૧૦/૨૦૨૦ ના રોજ પીસીબી ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેકટર શ્રી એ.ડી.ચાવડાના માર્ગદર્શન હેઠળ સ્ટાફના એ.એસ.આઇ,. ધનરાજસિંહ માનસિંહ, હેડ.કોન્સ. વિજયસિંહ હિન્દુજી, હેડ.કોન્સ. મહેન્દ્ર વાસુદેવભાઇ, હેડ.કોન્સ. ચેતનસિંહ નટવરસિંહ, હેડ.કોન્સ. યોગેન્દ્રસિંહ હઠીસિંહ, હેડ.કોન્સ. મયુરધ્વજસિંહ રાજેન્દ્રસિંહ, હેડ.કોન્સ. મુકેશભાઇ રામાભાઇ તથા અન્ય સ્ટાફના માણસો વિગેરે સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન હેડ.કોન્સ. યોગેન્દ્રસિંહ હઠીસિંહ, હેડ.કોન્સ. મયુરધ્વજસિંહ રાજેન્દ્રસિંહ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે મ.નં.એ/૧૬૮, અલ કુબા પાર્ક, બેદુજી કોમ્પલેક્ષની પાછળ, સદાની ધાબી, વટવા-નારોલ રોડ, વટવા, અમદાવાદ ખાતેથી આરોપી હસીબએહમદ રફીકએહમદ અંસારી ઉ.વ.૨૮, રહે. મ.નં.એ/૧૬૮, અલ કુબા પાર્ક, બેદુજી કોમ્પલેક્ષની પાછળ, સદાની ધાબી, વટવા-નારોલ રોડ, વટવા, અમદાવાદનાને સટ્ટા બેટીગનો આંક ફરકનો નાંણાની હારજીતનો જુગાર રમી રમાડતા રોકડા રૂ.૪૦,૪૦૦/- તથા સટ્ટા બેટીંગના આંક લખેલ કાગળ નંગ-૩ રૂ.૦૦/-, બોલપેન નંગ-૧ કિંમત રૂ.૦૦/-, પેડ નંગ-૧ કિંમત રૂ.૦૦/-, મોબાઇલ ફોન નંગ-૨ કિંમત રૂ.૧૦,૦૦૦/- તથા લેપટોપ નંગ-૧ કિંમત રૂ.૧૦,૦૦૦/- મળી કુલ કિંમત રૂ.૬૦,૪૦૦/- ની મત્તાના મુદામાલ સાથે પકડી પાડી તેની વિરૃધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરી વટવા પોલીસ સ્ટેશન ખાતે 'બી' પાર્ટ ગુ.ર.ન. ૧૧૧૯૧૦૧૨૨૦૦ /૨૦૨૦ જુગાર ધારા કલમ ૪, ૫ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**પકડાયેલ આરોપી :**

(૧) હસીબએહમદ રફીકએહમદ અંસારી ઉ.વ.૨૮, રહે. મ.નં.એ/૧૬૮, અલ કુબા પાર્ક, બેદુજી કોમ્પલેક્ષની પાછળ, સદાની ધાબી, વટવા-નારોલ રોડ, વટવા, અમદાવાદ

**વોન્ટેડ:**

(૧) હકીમખાન ઉર્ફે વકીલલાલા ગુલશાખાન પઠાણ રહે. કામદાર મેદાન, ગોમતીપુર, અમદાવાદ

(૨) ચંદુ ડીસા

(૩) ફરહાન

(૪) પ્રકાશ

**ગુનાની જગ્યા :** આરોપી હસીબએહમદ રફીકએહમદ અંસારીનાકબ્જા ભોગવટા વાળા રહેણાંક મકાન નં.એ/૧૬૮, અલ કુબા પાર્ક, બેદ્ગજી કોમ્પલેક્ષની પાછળ, સદાની ધાબી, વટવા-નારોલ રોડ, વટવા, અમદાવાદ ખાતેથી.

**પકડાયેલ મુદામાલ :**

(૧) સટ્ટા બેટીંગના આંક લખેલ કાગળ નંગ-૩ કિંમત રૂ.૦૦/-,

(૨) બોલપેન નંગ-૧ કિંમત રૂ.૦૦/-,

(૩) લાકડાનુ પેડ કિંમત રૂ.૦૦/-,

(૪) રોકડા નાંણા રૂ.૪૦,૪૦૦/-,

(૫) મોબાઇલ ફોન નંગ-૨ કિંમત રૂ.૧૦,૦૦૦/-,

(૬) લેપટોપ કિંમત રૂ.૧૦,૦૦૦/- મળી કુલ કિંમત રૂ.૬૦,૪૦૦/- ની મત્તાનો મુદામાલ



# પાસા અટકાયતીની વિગત

## નરોડા પોલીસ સ્ટેશન :

## પ્રોહીબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “જી” ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ (૧) નરોડા પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં.૫૩૭૦/૨૦૧૯ પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઇ), ૧૧૬(૧)બી ૮૧, મુજબ તથા (૨) નરોડા પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં.૫૪૦૬/૨૦૧૯ પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઇ) ૧૧૬(૧)બી મુજબ તથા (૩) નરોડા પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૫૨૦૧૫૬૭/૨૦૨૦ પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબના ગુના દાખલ થયેલ જે આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૧૧૪૨/૨૦૨૦ તા.૨૮/૧૦/૨૦૨૦ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૨૮/૧૦/૨૦૨૦ ના કલાક ૨૧/૩૦ વાગે પાસા હુકમની કાયદેસર બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા-૨૮/૧૦/૨૦૨૦

### આરોપીનુ નામ -

જયેશ ઉર્ફે જીગ્નેશ ઉર્ફે જીગો બળદેવભાઇ સોલંકી ઉ.વ.૨૭ રહેવાસી:અરવીંદભાઇની ચાલી મુઠીયા ગામ નરોડા અમદાવાદ શહેર મુળ વતન: ગામ:સાંપા તા.દહેગામ જી.ગાંધીનગર

### કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

પી.આઇ. પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં.૮૩૩૭ તથા ખુમાનસિંહ નાનુભા બ.નં.૬૧૦૮ તથા પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા અ.લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૫૭/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી ૭૩ લીટર દેશી દારૂ, ૮૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૪ બીયરટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૭ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૬,૪૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૫૮/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૧૮૫૯/૨૦૨૦**

**શાહીબાગ** : ચંદ્રપ્રકાશ રંગલાલ ટાંક (ઉ.વ.૫૯)(રહે.આતીસ્ચ રેસીડન્સી કોટેશ્વરરોડ મોટેરા ચાંદખેડા) એ તા.૨૮/૧૦/૨૦૨૦ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૧૦/૨૦૨૦ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે સિવીલ હોસ્પિટલ બી.જે.મેડીકલ કોલેજના ગ્રાઉન્ડમાં આવેલ ડોમ પાછળ એક ૪૦ વર્ષના આશરાનો અજાણ્યો પુરૂષ અને બીજો ૨૫ વર્ષના આશરાનો અજાણ્યો પુરૂષ અને તેમની સાથે આવેલ એક અજાણી સ્ત્રી (૩૫ વર્ષના આશરાની)એ ભેગામળી ચંદ્રપ્રકાશને એક વજનદાર કપડાની મોઢુ બાધેલ થેલી આપી, તેમા સોનાના સિક્કા હોવાનુ જણાવી ચંદ્રપ્રકાશને વિશ્વાસમાં લઇ, ચંદ્રપ્રકાશ પાસેથી રોકડ રૂપિયા ૬,૦૦,૦૦૦/- લઇ તેના બદલે સોનાના ખોટા સિક્કા આપી નાસી જઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.દેસાઇ ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૮૬૦/૨૦૨૦**

**રામોલ** : પ્રિતિબેન ડો/ઓ મહેન્દ્રભાઇ ક્ષત્રિય (ઉ.વ.૨૦)(રહે.માધવપાર્ક વિભાગ-૦૪ રાધે ચેમ્બર્સની સામે કર્ણાવતી રોડ વસ્ત્રાલ) તા.૨૮/૧૦/૨૦૨૦ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે વસ્ત્રાલ કર્ણાવતી ચાર રસ્તા પાસે, વિશ્વ ઇલેક્ટ્રોનીક્સની બાજુમાં, સહજ રેસીડેન્સી સામે થી એક્ટીવા ચલાવી પસાર થતા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષના આશરાના) એ ભેગામળી પ્રિતિબેનના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પ્રિતિબેન ક્ષત્રિય એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.ભાટી ચલાવે છે.

## ચોરી :- સમાચાર યાદી નં.૧૮૬૧/૨૦૨૦

**કૃષ્ણનગર** : ડૉ.હર્ષા તેન્નરસુ ઇગામ્બરમ (ઉ.વ.૪૯)(રહે,તડમીળ ફસ્ટ બ્લોક બી.એસ.એન. એલ. ઓફીસની બાજુમાં, આર.ટી.નગર (રવિન્દનાથ ટાગોરનગર), બેગલુર રાજય. કર્ણાટકા) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૧૦/૨૦૨૦ રાતના ૦૮/૦૦ થી ૮/૪૫ વાગ્યા દરમ્યાન ડૉ.હર્ષા નાઓ ઠક્કરનગર ભાગ્યોદય હોટલ ખાતે જમવા બેસેલ દરમ્યાન પોતાની ફોરવ્હીલ ગાડીમાં હાજર ડ્રાઇવરને એક અજાણ્યા પુરૂષ (૨૦ વર્ષના આશરા) એ કહેલ કે “તમારી ગાડીના એન્જીનમાંથી ઓઇલ ટપકે છે” જેથી ડ્રાઇવર ગાડીમાંથી નીચે ઉતરી જોવા ગયેલ દરમ્યાન તે છોકરો ગાડીમાંથી એક બેગ કે જેમાં એપલ કંપનીનું લેપટોપ અને સેમસંગ કંપનીનું ટેબલેટ મળી કુલ કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- ની મતા મુકેલ બેગ ચોરી કરી લઇ ગયો હતો. આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એસ.સાકરીયા ચલાવે છે.

## પાંચમા માળેથી પડી જતાં મૃત્યુ :- સમાચાર યાદી નં.૧૮૬૨/૨૦૨૦

**રામોલ** : રામોલ, ઓમકાર એલીગંસની સાઈડ ઉપર રહેતા અને ત્યાંજ કડીયાકામની મજુરી કરતા અરવિંદભાઈ પારસીંગભાઈ ડાંગી (ઉ.વ.૩૫)(મુળ રહે.લીમડી તા.ઝાલોદ જી. દાહોદ) તા.૨૮/૧૦/૨૦૨૦ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે ઓમકાર એલીગંસની સાઈડ ઉપર પાંચમા માળે પાલખ ઉપર પ્લાસ્ટર કરવા માટે ચડેલા દરમ્યાન પગ લપસી જતા નીચે પડી જતા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને ઓઢવ સેંટ્રલ યુનાઈટેડ હોસ્પીટલ ખાતે લાવતા ફરજ પરનાં ડો.શ્રી એ મૃત જાહેર કર્યા હતા. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મણીલાલ ચંદુભાઇ ચલાવે છે.

## આત્મહત્યા :- સમાચાર યાદી નં.૧૮૬૩/૨૦૨૦

**ઘાટલોડીયા** : નાથુનાથ દલનાથ ચૌહાણ (ઉ.વ.૩૦)(રહે.માલજીભાઇ દેસાઇની ચાલી પહેલો માળ, વાળીનાથનગર વિભાગ-૧ માનવમંદિર મેમનગર) એ અગમ્ય કારણસર તા.૨૭/૧૦/૨૦ ના કલાક ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઓરડીની છતમાં લાગેલ પંખા સાથે ન્હાવાનો રૂમાલ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હસમુખભાઇ નાથાભાઇ ચલાવે છે.

**વાડજ** : મૌલિક હિતેશભાઇ શાહ (ઉ.વ.૪૫)(રહે,સિધ્ધી વિનાયક ફલેટ, પાટીદાર સોસયાટી જુના વાડજ)એ બીમારીથી પીડાતા હોઇ તા.૨૮/૧૦/૨૦ ના કલાક ૯/30 વાગ્યાના સુમારે પોતાના ફલેટના ધાબા પરથી કુદકો મારી નીચે ઝંપલાવતા શરીરે ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહિપાલસિહ રઘુવીરસિહ ચલાવે છે.

**એરપોર્ટ** : આર્યન ઉર્ફે સુમીત સ/ઓ યોગેન્દર ઉપાધ્યાય (ઉ.વ.૧૪)(રહે.જોગીન્દર એન્કલેવ, આર્મી કેન્ટોમેન્ટ, એરપોર્ટ સર્કલ પાસે કેન્ટોંમેન્ટ) એ અગમ્ય કારણસર તા.૨૭/૧૦/૨૦ ના કલાક ૬/૧૫ વાગ્યા પહેલા પોતાના કાકા અભિષેકકુમાર ઉપાધ્યાય ના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ લેતા સારવાર અર્થે તેને હનુમાન કેમ્પ મીલેટરી હોસ્પિટલ ખાતે લઇ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિશ્રામભાઇ સોમાભાઇ ચલાવે છે.

**રામોલ** : રવિન્દ્ર બિરેન્દ્ર ગુપ્તા (ઉ.વ.૪૮)(રહે,વૃન્દાવન વિહાર આર.એ.એફ કેમ્પની સામે એસ.પી રીંગ રોડ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૨૬/૧૦/૨૦૨૦ રાતના કોઇપણ સમયે પોતાની જાતે કંઇક લીકવીડ પી લેતા, નિરાંત ચાર રસ્તા થી બેભાન હાલતમાં મળી આવતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૮/૧૦/૨૦૨૦ બપોરના ૨/૪૫ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કૈલાશબેન રતનસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી